# પાંચ દિવસ અતિભારે વરસાદની આગાહી

## મેઘરાજાની રાજ્ય પર મહેર જારી, અનેક વિસ્તારોમાં વરસાદથી હાલાકી : પાંચ ઓગસ્ટ સુધી દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદ પડશે, સોમવારથી બુધવાર ભારે વરસાદની સંભાવના નહિવત

અમદાવાદ, તા.૨૮

હવામાન વિભાગની આગાહી મુજબ શનિવારે વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ભારેથી અતિભારે, સાબરકાંઠા, અરવલ્લી, નવસારી, તાપી, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથમાં ભારે જ્યારે રવિવારે વલસાડ, નવસારી, દમણ, દાદરા નગર હવેલીમાં ભારેથી અતિભારે, સુરત, તાપી, ડાંગમાં ભારે વરસાદ પડી શકે છે. જો કે હાલની સ્થિતિએ રાજ્યમાં સોમવારથી બુધવાર ભારે વરસાદની સંભાવના નહિવત છે.

ફરી એકવાર ચોમાસાની આગાહી મુજબ૨૮ નાં રોજ રાજ્યનાં પશ્ચિમ ભાગોમાં વરસાદની આગાહી કરવામાં આવી હતી. ત્યારે આવનારા ઓગસ્ટ મહિનાનાં પ્રથમ સપ્તાહમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ૫ ઓગસ્ટ સુધી પવન ભેજનું ગેસ્ટ પશ્ચિમ ભારત ઉપર અસર વર્તાવશે. જેનાથી દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદ પડશે. તેમણે કહ્યું કે, ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ભારે વરસાદ પડશે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની નદીઓમાં પૂરની સ્થિતિ જોવા મળશે. સાબરમતી નદી બે કાંઠે વહેતી થશે. તો તાપી અને નર્મદાના જળ સ્ત્રાવમાં પણ વધારો થશે.

આગાહી અનુસાર હજુ ગુજરાતમાં સારા વરસાદનાં સંજોગો બની રહ્યા છે. ત્યારે મુંબઈ મહારાષ્ટ્રમાં પણ ૪૦૦ મીમી વરસાદ થશે. તેમજ આહવા ડાંગ, વલસાડ અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા છે. ૨૬ જુલાઈ એ ઓરિસ્સાનાં દરિયામાં ડીપ ડિપ્રેશન મજબૂત બન્યું છે. જેનાથી ઉત્તર ભારતમાં ભારે વરસાદ થશે. રાજ્યમાં ઓગસ્ટનાં પ્રથમ સપ્તાહમાં વરસાદ થશે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ભારે વરસાદ થશે. તેમજ નર્મદા અને તાપી જળસ્તરમાં વધારો રહેશે. બંગાળનાં ઉપસાગરમાં અને અરબ સાગરમાં પ્રતિ કિમી ૧૦૦ ની ઝડપે પવન ફૂંકાશે. ઓગસ્ટનાં પહેલા સપ્તાહમાં મહેસાણા, અરવલ્લી સહિતનાં વિસ્તારમાં વરસાદ રહેશે. અમદાવાદમાં વરસાદની શક્યતા છે.

ગુજરાત માટે આગામી ૨૪ કલાક બહુ જ ભારે છે. ચોમાસાનો ચોથો રાઉન્ડ હવે આવી ગયો છે. ગુજરાતમાં વરસાદ હજી ધબધબાટી બોલાવી રહ્યો છે. ત્યારે આ વચ્ચે હવામાન વિભાગની નવી આગાહી આવી ગઈ છે. ગઈકાલે રાતથી મેઘરાજા દક્ષિણ ગુજરાત પર કોપાયમાન થયા હતા. ત્યારે હવે વારો મધ્ય ગુજરાતનો છે. હવામાન વિભાગે નવી આગાહી જાહેર કરી છે. હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું કે, છોટાઉદેપુર જિલ્લામાં કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે. આગામી ૨૪ કલાક દરમિયાન દાહોદ, પંચમહાલ, વડોદરા, ભરૂચ અને વલસાડ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. મોડી રાતથી દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં અતિભારે વરસાદ તૂટી પડ્યો છે. જેમાં સૌથી વધુ વરસાદ નવસારી જિલ્લામાં જોવા મળ્યો. નવસારી જિલ્લાની નદીઓ ભારે પાણીથી ગાંડીતૂર બની છે. પુર્ણા, અંબિકા અને કાવેરીમાં ઘોડાપૂર જેવી સ્થિતિ ઉદભવી છે. પૂર્ણા નદી ભયજનક સપાટીથી માત્ર એક ફૂટ દૂર છે. તો અંબિકા નદી ભયજનક સપાટીથી ત્રણ ફૂટ દૂર છે.

કાવેરી નદી ભયજનક સપાટીથી છ ફૂટ દૂર છે. પાણી ભરાઈ જતા નવસારી શહેરના નીચાણવાણા વિસ્તારો એલર્ટ કરાયા છે. જિલ્લાની શાળા અને કોલેજોમાં રજા જાહેર કરાઈ છે. નવસારી શહેરમાં રાત્રી દરમ્યાન ભરાયેલા વરસાદના પાણી ઉતર્યા બાદ પૂરનો ખતરો તોળાઈ રહ્યો છે. જિલ્લાનું વહીવટી તંત્ર પરિસ્થિતિને પહોંચી વળવા માટે સુસજ્જ બન્યું છે.

## પૂર્ણા નદી ભયજનક સપાટીની ઉપર, હાઈવે તથા ઘરોમાં પાણી ફરી વળ્યા







નવસારી, તા.૨૮

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી, જેની અસર નવસારી, તાપી અને વલસાડ સહિતના ભાગોમાં જોવા મળી રહી છે. અતિભારે વરસાદની શક્યતાઓ કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીમાં પણ વ્યક્ત કરવામાં આવી છે. સુરત-નવસારી કોસ્ટલ હાઈવે પર ભારે વરસાદના કારણે પાણી ફરી વળ્યા છે. આ સિવાય ઔરંગા અને પૂર્ણા નદીના જળસ્તરમાં વધારો થતા નીચાણવાળા વિસ્તારોમાં તેની અસર જોવા મળી રહી છે. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, ડાંગ, વલસાડમાં રાત્રે થયેલા વરસાદના કારણે ઠેરઠેર પાણી ભરાયા છે. ૨૨ કલાકમાં સૌથી વધુ ૨૮૬ એમએમ વરસાદ સુરતના મહુવામાં ખાબક્યો છે. જ્યારે નવસારી જિલ્લાના નવસારી તાલુકામાં ૨૭૧એમએમ, ડાંગના સુબિરમાં ૧૯૬ એમએમ, સુરતના બારડોલીમાં ૧૮૬ એમએમ, નવસારીના જલાલપોરમાં ૧૭૯ એમએમ, વલસાડના કપરાડામાં ૧૬૮ એમએમ વરસાદ થયો છે. પૂર્ણા નદી ભયનજક સપાટીની ઉપર વહી રહી છે જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં ભારે પાણી ભરાવાની ઘટના બની છે. પૂર્ણા નદીની ભયજનક સપાટી ૨૩ ફૂટ છે અને હાલ તે પાણી તેની ઉપર વહી રહી છે. કલેક્ટર દ્વારા અગાઉથી નીચાણવાળા વિસ્તારમાં રહેતા ગ્રામજનોને સલામત સ્થળ પર ખસી જવાની સૂચના આપવામાં આવી છે. ભારે વરસાદના કારણે સુરત અને નવસારીના કોસ્ટલ હાઈવે પર પાણી ફરી વળ્યા છે. હાઈવે પર ભારે પાણી ભરાવાના કારણે વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હાઈવે પર ભારે પાણી ભરાયા હોવાથી ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. નવસારીના કાલીયાવાડ સહિતના વિસ્તારોમાં ભારે પાણી ભરાયા છે, ઘૂંટણ સુધીના પાણી નીચાણવાળા વિસ્તારોમાં પહોંચી જવાથી લોકોના ઘરોમાં પણ પાણી ફરી વળ્યા છે. આદર્શનગર, શાંતિવન સહિતની સોસાયટીઓમાં પાણી ભરાવાની ઘટના બની છે. આજના દિવસે વલસાડ, નવસારી અને કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ, દાદરા નગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. આ સિવાય રાજ્યના દક્ષિણ ભાગના સુરત, ડાંગમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

### ગુજરાતમાં ફરી એકવાર વરસાદી માહોલ

## ડાંગમાં ભારે વરસાદથી ભેખડો ધસી : અનેક રસ્તાઓ બંધ

અમદાવાદ, તા.૨૮

ગુજરાતમાં ફરી એકવાર વરસાદી માહોલ જામ્યો છે, વરસાદે ચોથા રાઉન્ડની શરૂઆતમાં દક્ષિણ ગુજરાતના કેટલાય વિસ્તારોને જળબંબાકાર કરી દીધા છે. આ બધાની વચ્ચે હવે ડાંગ જિલ્લામાં ભારે વરસાદથી જનજીવન ઠપ્પ થવાના સમાચાર સામે આવ્યા છે. માહિતી પ્રમાણે, ડાંગ જિલ્લામાં ગઈકાલેથી વરસાદી માહોલ છે, જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે, જિલ્લાના મુખ્ય મથક આહવા પાસે આવેલા શીવગઢમાં વરસાદનું રૌદ્ર રૂપ જોવા મળ્યુ છે. ભારે વરસાદથી મુખ્ય મથક આહવાથી ૪ કિલોમીટર દૂર આવેલો છે શિવઘાટમાં પાણી ભરાયા છે, અહીં પાણીનો પ્રવાહ વધતા અનેક માર્ગો બંધ કરાયા છે. આ બધાની વચ્ચે સાપુતારાથી આહવા જતા માર્ગ ભારે વરસાદથી તબાહીના દ્રશ્યો સામે આવ્યા છે, અહીં મોટી મોટી ભેખડો રોડ-રસ્તાં પર ધસી આવ્યા છે, આ કારણે મુખ્ય માર્ગ સહિત બીજા કેટલાય માર્ગોને બંધ કરવામાં આવ્યા છે. આ સ્થિતિને જોતા પ્રવાસીઓને પણ કૉઝવે નજીક ના જવા માટે ડાંગ



વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. ભારે વરસાદની આગાહી વચ્ચે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તાપી, ડાંગ,નવસારી, વલસાડમાં રાતભર વરસાદ વરસ્યો હતો. આ દરમિયાન હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૩ કલાક દરમિયાન વરસાદની આગાહી કરી છે. આગામી ૩ કલાક દરમિયાન ગુજરાતના પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર જેવા જિલ્લાઓમાં હળવાથી મધ્યમ ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે. આગામી ૩ કલાક દરમિયાન ગુજરાત રાજ્યના બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ,

## સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ૨૯મીએ સ્વર્ણિમ સ્ટાર્ટઅપ કોન્કલેવનું આયોજન

અમદાવાદ, તા.૨૮

સ્ટાર્ટઅપ્સને સમર્થન પૂરું પાડવા માટે કટિબદ્ધ ભારતની આ પ્રકારની સૌપ્રથમ યુનિવર્સિટી સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ગાંધીનગરમાં આવેલા તેના કેમ્પસમાં ૨૯ જુલાઈના રોજ સ્વર્ણિમ સ્ટાર્ટઅપ કૉક્લેવ ૨૦૨૩ - Entrepre NAARIનું આયોજન કરવા જઈ રહી છે. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી એ ભારતની પ્રથમ યુનિવર્સિટી છે, જે સ્ટાર્ટઅપ્સનું જતન કરવા અને તેને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છે.

૨૯મી જુલાઈના રોજ યોજાવા જઈ રહેલો કાર્યક્રમ સ્વર્ણિમ સ્ટાર્ટઅપ કૉક્લેવ ૨૦૨૩ મહિલા ઉદ્યોગસાહસિકતા - Entrepre NAARIની થીમ પર આધારિત છે, જેના માટે અત્યાર સુધીમાં વિવિધ યુનિવર્સિટીઓમાંથી ૩૧થી વધારે સ્ટાર્ટઅપ્સ નોંધણી કરાવી ચૂક્યાં છે. નવપ્રવર્તકો, ઉદ્યોગ સાહસિકો, સ્ટાર્ટઅપ અનેબલર્સ અને રોકાણકારો તથા સમગ્ર ગુજરાત અને ભારતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના અન્ય હિતધારકો આ કાર્યક્રમમાં હાજર રહેશે.

ડૉક્ટર અને સામાજિક ઉદ્યોગસાહસિક ડૉ. ટ્વિક્લ પટેલ, એન્જલ ઈન્વેસ્ટર અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અનેબલર સુશ્રી પિયાલી ચટ્ટોપાધ્યાય, મોટિવેશનલ સ્પીકર અને દૂરદર્શનના નાયબ ડિરેક્ટર શ્રી ઉત્સવ પરમાર તથા એયુએમ રીસર્ચ લેબ પ્રા. લિ.ના સ્થાપક અને ઈન્ટરવેઈન રીસર્ચ લેબ પ્રા. લિ.ના સીઈઓ ડૉ. કાર્તિક વિકાણી જેવી પ્રતિષ્ઠિત હસ્તીઓ કાર્યક્રમને સંબોધશે. ટીમ ઊભી કરવામાં થતાં સંઘર્ષો, સ્ટાર્ટઅપ્સની શરૂઆત, વિકાસની તકો, માર્કેટમાં પ્રવેશ અને સ્ટાર્ટઅપ્સનું અસ્તિત્ત્વ ટકાવવા જેવા સંબંધિત વિષયો પર ચર્ચાઓ કરવામાં આવશે, જે આ કૉક્લેવનું મુખ્ય આકર્ષણ પણ હશે.

## દીપડાને લઈ હિંમતનગરના રૂપાલ પંથકમાં ભારે ફફડાટ

### ખેડૂતોએ દીપડાના ડરને દૂર કરવા માટે થઈને સ્થાનિક વન વિભાગને જાણ કરી છે, જેથી દીપડાને ઝડપથી પાંજરે પૂરવામાં આવી શકે

સાબરકાંઠા, તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રુપાલ અને તેની આસપાસના વિસ્તારના ગામના લોકો દીપડાને ભયથી ફફડી રહ્યા છે. વિસ્તારની આસપાસના ગામડાઓમાં દીપડો છેલ્લા બે માસથી ફરતો હોવાને લઈ સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી રહ્યો છે.હાલમાં જ રુપાલ વિસ્તારમાં એક પશુનુ મારણ દીપડાએ કરવાને લઈ સ્થાનિકોમાં ભય ફેલાયો છે. ઘટનાને લઈ સ્થાનિક વન વિભાગ દ્વારા પાંજરુ મુકીને દીપડાને પકડવા માટે પ્રયાસ કરવામાં આવ્યો છે.

હાલમાં વાવણીનો સમય હોવાને લઈ ખેડૂતો ખેતી કાર્યમાં વ્યસ્ત છે. પરંતુ દીપડાના ભયને લઈ ખેડૂતો એકલ દોકલ ખેતરમાં જઈ શકતા નથી અને ખેતરમાં જવા માટે લાકડીઓ સાથે લઈને જવુ પડી રહ્યુ છે. ખેડૂતોએ દીપડાના ડરને દૂર કરવા માટે થઈને સ્થાનિક વન વિભાગને જાણ કરી છે. જેથી દીપડાને ઝડપથી પાંજરે પૂરવામાં આવી શકે. હિંમતનગરના રુપાલ અને તેની આસપાસના વિસ્તારના ગામડાઓમાં દીપડાનો ભય ફેલાયો છે. હિંમતનગરના સઢા, હાથરોલ અને ભાવપુર વિસ્તારના ગામડાઓમાં દીપડો ફરતો હોવાને લઈ વિસ્તારના લોકોમાં ભયનો માહોલ સર્જાયેલો છે. આ દરમિયાન રુપાલ ગામ વિસ્તારમાં એક પશુનુ મારણ દીપડાએ કર્યુ છે. જેને લઈ આસપાસના ગામડાઓમાં હવે આ ભય વધુ ફેલાયો છે. આમ તો છેલ્લા બે વર્ષથી દીપડો આ વિસ્તારમાં ફરતો હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. પરંતુ હવે દીપડાએ છેલ્લા બે એક માસથી તેની ચહલ પહલ વિસ્તારમાં વધારી દીધી છે. જેને લઈ ખેતરમાં એકલા જતા ખેડૂતોને પણ ડર લાગી રહ્યો છે. દીપડાએ પશુનુ મારણ કર્યા બાદ ખેડૂતોમાં વધારે ડર ફેલાયો છે.રુપાલ ગામની સીમમાંથી દીપડાએ પશુનુ મારણ કર્યુ છે. ઘટના બાદ સ્થાનિક ખેડૂતોએ વન વિભાગને આ ઘટના અંગે જાણ કરીને દીપડાને પાંજરે પુરવા માટે રજૂઆત કરી હતી. જેને લઈ વન વિભાગ દ્વારા આ અંગે સઢા અને રુપાલ પંથકમાં પાંજરુ ગોઠવીને દીપડાને પકડવા માટે કાર્યવાહી હાથ ધરી છે. દીપડાને લઈ સ્થાનિક બીટ ગાર્ડ અને ચોકીદારો સહિતના સ્ટાફને પણ વિસ્તારમાં સતર્ક કરવામાં આવ્યો છે. જેથી ખેડૂતોનો ડર દૂર થાય અને હાલમાં વાવણીનો સમય હોવાને લઈ ખેડૂતો ખેતરમાં અવર જવર કરી શકે.

### ઉદ્દબોધન

● અનુંધાન છેલ્લાનું ચાલુ

● **શ્રી અનિરુદ્ધ દેવગણ, પ્રેસિડેન્ટ, કેડેન્સ**

“ભારત સેમિકન્ડકટર્સમાં રોકાણ કરી રહ્યું છે તે સાંભળીને ખૂબ આનંદ થઈ રહ્યો છે. કારણ કે ભારત ભવિષ્યમાં સેમિકન્ડક્ટર્સ માટે મહત્વનો ભાગ ભજવશે. તેમણે જણાવ્યું હતું કે, ચિપ્સ ડિઝાઈન કરવા માટે અહીં ઘણા વિદ્યાર્થીઓ, અધિકારીઓ અને વૈશ્વિક કંપનીઓ છે. જ્યારે અમારી પાસે યુ.એસ.માં ઘણી બધી તકનીકો છે પરંતુ દરેક સ્માર્ટ વ્યક્તિના સાપેક્ષમાં ભારતમાં સેંકડો સ્માર્ટ લોકો છે. સેમિકન્ડકટર્સમાં રોકાણ ભારત માટે અપાર તકોનું સર્જન કરશે કારણ કે માત્ર વૈશ્વિક ઉત્પાદકો અથવા વિશાળ કંપનીઓ જ નહીં પરંતુ સ્થાનિક ઉત્પાદકો અને સ્વદેશી ઉત્પાદન કંપનીઓને પણ આ રોકાણથી પ્રોત્સાહન મળશે.”

### આંદોલનના માર્ગે

● અનુંધાન છેલ્લાનું ચાલુ

૧૦ ઓગષ્ટથી ફાર્માસિસ્ટને લગતી વેક્સિનની તમામ કામગીરી જેવી કે વેક્સિનની જાળવણી, વેક્સિન ઈસ્યુ, વેક્સિનને લગતા તમામ રેકર્ડ રજીસ્ટર અને રિપોર્ટીંગ વગેરે તમામ કામગીરી બંધ કરવામાં આવશે.

સમગ્ર ગુજરાતમાં ૨૭-૭-૨૩ થી તાલુકા અને જિલ્લાકક્ષાએ ડેપ્યુટેશનવાળી મહેકમ વગરની વધારાની તમામ કામગીરીનો પંચાયત હસ્તકના ફાર્માસીસ્ટો દ્વારા સંપૂર્ણપણે બહિષ્કાર કરવામાં આવશે.

રાજ્ય એસો.ના નિર્ણયને પગલે જિલ્લા ફાર્માસીસ્ટ એસો.એ આવેદનપત્ર મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને પણ આપ્યુ છે.

ગુજરાતમાં ફરી એકવાર કર્મયોગીઓ દ્વારા આંદોલનના એલાન કરવામાં આવી રહ્યા હોવાથી કર્મચારી આલમમાં ભારે ચર્ચાઓ શરૂ થઈ છે. આ અગાઉ ગુજરાત રાજ્ય ક્ષૈશણિક સંઘ સંકલન સમિતિએ પણ આંદોલનાત્મક કાર્યક્રમોની જાહેરાત કરી છે જે ઉલ્લેખનીય છે.

### મહોરમની ઉજવણી

● અનુંધાન છેલ્લાનું ચાલુ

સેક્ટર-૨૪, સેક્ટર-૨૮, સેક્ટર-૨૯ અને ચરેડી છાપરા ખાતે તાજીયા તૈયાર કરવામાં આવે છે. બપોર બાદ જુલુસ નીકળે છે.

આ વર્ષે પણ દર વર્ષની જેમ તાજીયા જુલુસ યોજાશે. પરંતુ મેટ્રો ટ્રેનની કામગીરીના કારણે પરંપરાગત રૂટને બદલવામાં આવ્યો છે. બપોર બાદ બધા જ તાજીયા ઘ-૬ સર્કલે એકત્ર થશે. ત્યારબાદ જુલુસ આગળ વધશે. જે એમએલએ ક્વાર્ટર થઈને સેક્ટર-૨૧ની મસ્જીદ પર પહોંચશે. અહીં રોઝા ખોલવામાં આવશે. ત્યારબાદ જુલુસ આગળ વધશે. જુલુસના રૂટ પર વિવિધ સ્થળો પર શરબતનુ વિતરણ કરવામાં આવશે. સેક્ટર-૩૦ ખાતે તાજીયા ઠંડા કરવામાં આવશે.

### ટોપિંગ કરાશે

● અનુંધાન છેલ્લાનું ચાલુ

શહેરોમા પ્રાયોગિક ધોરણે વ્હાઈટ ટોપિંગ માર્ગનુ કામ હાથ ધરવા માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. હાલ રાજયમાં વડોદરામાં એક અને ગાંધીનગરમાં બે તેમ કુલ ત્રણ માર્ગોને અનુલક્ષી વ્હાઈટ ટોપિંગ માર્ગની કામગીરી માટે આયોજન કરાયુ છે. જેમાં ગાંધીનગરમાં સરગાસણથી રક્ષાશકિત સર્કલ તરફ જવાના ૩ કી મી માર્ગને વ્હાઈટ ટોપિંગ કરવામાં આવશે જયારે આ કામગીરીને અનુલક્ષીને હવે ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવશે. આગામી બે મહીનામાં કામ શરૂ કરી દેવાશે જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત અડાલજ કોબા લીંક રોડને અનુલક્ષીને પણ વ્હાઈટ ટોપિંગ કન્સેપ્ટ મુજબ કામગીરી હાથ ધરવામાં આવશે અંદાજિત ૬ કી મી ની લંબાઈ ધરાવતા આ માર્ગને વ્હાઈટ ટોપિંગ કરવા માટે રૂ ૨૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે. એકબાજુ ડામર માર્ગ વારંવાર તુટી જતા હોવાની ફરિયાદો પણ વધતી જાય છે. જયારે વરસાદી સંજોગોમાં માર્ગોનુ વિશેષ ધોવાણ થાય છે. આ સ્થિતિમાં રસ્તાની જાળવણીની સમસ્યા છાશવારે ઉભી ન થાય તે પણ અનિવાર્ય છે. જયારે આમ નાગરિકોને માર્ગ સલામતીની દ્રષ્ટીએ યોગ્ય રોડ નેટવર્ક ઉપલબ્ધ થાય તે દીશામાં સરકારે ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. આમ પણ માર્ગ નિર્માણની ગુણવત્તા મામલે સરકારી તંત્ર વિશેષ જાગૃત બન્યુ છે. ત્યારે ડામર માર્ગોની કામગીરીમાં પણ ગુણવત્તાનો વિશેષ ખ્યાલ રાખવામાં આવે છે. ત્યારે હવે માર્ગોને થતુ નુકશાન અટકાવવા માટે અને વાહનચાલકોને વધુ સલામત અને સરળ રોડનેટવર્ક ઉપલબ્ધ થાય તે માટે વ્હાઈટ ટોપિંગ રોડની યોજના પ્રાયોગિક ધોરણે અમલી કરવામાં આવી રહી છે. અમદાવાદ કોર્પોરેશન દ્વારા પણ આ મુજબ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

### સાબિત થશે

● અનુંધાન પહેલાનું ચાલુ

છે. વર્ષ ૨૦૧૪માં ભારતનું ઈલેક્ટ્રોનિક ઉત્પાદન ૩૦ બિલિયન ડોલરથી ઓછું હતું, જે આજે ૧૦૦ બિલિયન ડોલરને પાર કરી ગયું છે. છેલ્લા ૨ વર્ષમાં ઈલેક્ટ્રોનિક્સ અને મોબાઈલ ઉપકરણોની નિકાસ બમણી થઈ છે. વર્ષ ૨૦૧૪ પછી ભારતમાં થયેલા ટેકનોલોજિકલ વિકાસ પર પ્રકાશ પાડતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે વર્ષ ૨૦૧૪ પહેલા ભારતમાં માત્ર બે મોબાઈલ મેન્યુફેક્ચરિંગ યુનિટ હતા જ્યારે આજે ૨૦૦થી પણ વધુ યુનિટ છે. વર્ષ ૨૦૧૪ પહેલા દેશમાં બ્રોડબેન્ડ યુઝર્સની સંખ્યા માત્ર ૬ કરોડ હતી, જે આજે ૮૦ કરોડથી પણ વધુ થઈ છે. જ્યારે ઈન્ટરનેટ કનેક્શનની સંખ્યા ૨૫ કરોડથી વધીને આજે ૮૫ કરોડ જેટલી થઈ છે. વડાપ્રધાનશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ આંકડાઓ માત્ર ભારતની પ્રગતિ જ નહીં, પરંતુ ઔદ્યોગિકક્ષેત્રે થઈ રહેલાં વ્યાવસાયિક વિકાસનો માપદંડ છે.

વડાપ્રધાનશ્રીએ ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રે ઉપલબ્ધ નીતિઓ અંગે વિગતવાર માહિતી આપતા કહ્યું કે આજે દેશમાં સૌથી ઓછો કોર્પોરેટ ટેક્સ ભારતમાં છે. ૨૦૧૪ પછી ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસને ધ્યાને લઈને ઔદ્યોગિક વિકાસ માટે નડતરરૂપ અનેક જૂના કાયદાઓ અને ગૂંચવણોને દૂર કરવામાં આવ્યા છે. સ્પેશિયલ ઈન્સેન્ટિવ્સ પણ આપ્યા છે. એટલું જ નહીં, ૫૦ ટકા સુધીની નાણાકીય સહાય સાથે સરકાર સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમને બળ પૂરું પાડી રહી છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રની વાત કરતાં વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું કે અનેક ઈન્ડસ્ટ્રિયલ રિફોર્મ્સની સાથે ભારત આજે વિશ્વની સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રીનું પાવર કંડક્ટર બનવા માટે સજ્જ છે.

### ભારેલો અગ્નિ

● અનુંધાન પહેલાનું ચાલુ

હતું કે આ મહિલાઓ ઉગ્રવાદીઓ માટે માનવ ઢાલ તરીકે કામ કરી રહી છે. પોલીસે વધુમાં કહ્યું કે ટોળા દ્વારા કરવામાં આવેલા હુમલામાં ગોળીબાર અને દેસી બોમ્બ ફેંકવામાં આવ્યા હતા. હવે આવી ઘટનાઓ સતત સામે આવી રહી છે, કેન્દ્ર અને બિરેન સરકાર ઉગ્રવાદીઓ સામે સંપૂર્ણપણે લાચાર દેખાઈ રહી છે.

### લિસ્ટેડ થઈ શકશે

● અનુંધાન પહેલાનું ચાલુ

સરકારે આ નિર્ણયની જાહેરાત ત્રણ વર્ષ પહેલા કોવિડ રાહત પેકેજ હેઠળ કરી હતી, જેને ત્રણ વર્ષ બાદ મંજૂરી મળી છે. આ નિર્ણય બાદ ભારતીય કંપનીઓ વિદેશમાં જુદા જુદા સ્ટોક માર્કેટ પર પોતાના શેરને લીસ્ટેડ કરવાની સાથે ભંડોળ પણ એકત્ર કરી શકશે. ઉલ્લેખનિય છે કે, વર્ષ ૨૦૨૦માં મહામારી દરમિયાન જાહેર કરાયેલા રોકડ પેકેજ હેઠળ આ મોટા નિર્ણય અંગેનો પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો હતો.

### તૈયારી શરૂ

● અનુંધાન પહેલાનું ચાલુ

(લીયો)માં માનવયુક્ત અવકાશયાન મોકલશે. ઈસરોનો ઉદ્દેશ્ય મનુષ્યોને પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં મોકલવાનો અને આમ કરવા માટે સ્વદેશી ક્ષમતા વિકસાવવાનો છે. આ માટે મોટા પાયે તૈયારીઓ કરવામાં આવી છે. ઈસરોનો દાવો છે કે સુરક્ષાની દષ્ટિએ આ મિશન માટે જઈ રહેલા અવકાશયાત્રીઓને પૃથ્વી પર મળે તેવી લાઈફ સપોર્ટ સિસ્ટમ આપવામાં આવશે. તેમની સુરક્ષા માટે ખાસ કાળજી લેવામાં આવી છે.

### ગરમ મહિનો

● અનુંધાન પહેલાનું ચાલુ

સમગ્ર વિશ્વમાં ગરમીએ રેકોર્ડ તોડી નાખ્યા છે. જેના કારણે ઉત્તર અમેરિકા, ચીન અને યુરોપ જેવા દેશોમાં ઓછી ગરમી વાળા વિસ્તારો ખરાબ હાલતમાં છે.

ઘણી જગ્યાએ તાપમાન ૫૦ ડિગ્રીની નજીક પહોંચી જતાં લોકો હીટ સ્ટ્રોકથી પરેશાન પણ થયા હતા. તેની અસર લોકોના આરોગ્ય પર પણ પડી છે અને લોકો બીમાર પડવાના કિસ્સાઓ પણ સામે આવ્યા છે. વૈજ્ઞાનિકો અનુસાર, લાંબા સમયથી ક્લાઈમેટ ચેન્જની ચેતવણી આપવામાં આવી રહી હતી, પરંતુ હવે તે આપણી નજર સામે આવી ગયું છે. પ્રકૃતિમાં ભયાનક ફેરફારોના કારણે આ પરિણામ ભોગવાનો વારો આવી ગયો છે.